અપીલ અરજી નં.૪૨૫ તા.૨–૩–૧૦

અરજદારઃ– શ્રીનરેશભાઈ નાનજીભાઈ બથવાર
સામાવાળાઃ– ડે.કમિશ્નર(સ્પે) અને જાહેર માહિતી અધિકારી (રીક્રૂટમેન્ટ)

**ફરીયાદની હકીકતઃ–**

**વિષય :**– આરટીઆઈ એકટ હેઠળ શ્રીનરેશભાઈ નાનજીભાઈ બથવારની તા.૨૭–૧–૧૦ ની અરજીથી ૯૩ ડ્રાઈવરોની તથા બેલદારોની અને સફાઈકામદારોની ખાલી જગ્યાની જાહેરાતનાં અનુસંધાનમાં સ્પષ્ટ જરૂરી માહિતીની નકલ મુદ્દા નં.૧ થી ૧૦ની માહિતી આપવા બાબત.

**સંદર્ભ :**– અરજદાર મજકુરની તા.૨–૩–૧૦ ની અપીલ અરજી નં.૪૨૫/૨૦૦૯–૧૦

શ્રી નરેશભાઈ નાનજીભાઈ બથવારની તા.૨૭–૧–૧૦ની અરજીથી ૯૩ ડ્રાઈવરોની તથા બેલદારોની અને સફાઈકામદારોની ખાલી જગ્યાની જાહેરાતનાં અનુસંધાનમાં સ્પષ્ટ જરૂરી માહિતીની નકલ મુદ્દા નં.૧ થી ૧૦ની માહિતી આપવા બાબતે ઈ.ચા.પર્સોનલ ઓફિસર (આર) અને મ. જાહેર માહિતી અધિકારીના પત્ર નં.જીએડી/ઈએસટી/આર/૧૦૧૫ તા.૨૦–૨–૧૦ થી આપેલ માહિતી અસ્પષ્ટ, અયોગ્ય,અને ખોટી હોવાનું જણાવી મળેલ પ્રતિભાવથી નારાજ થઈ એપેલેટ ઓફિસરને તા.૨–૩–૧૦ ના રોજ અપીલ કરવામાં આવેલ છે.

જે સંદર્ભે અરજદારની અપીલ અરજીના અનુસંધાને મૂળ અરજીની નકલ, આપેલ માહિતીની નોંધ વિભાગ સહિત નકલ આપવા જોગ પૂરક માહિતીની વિગતો તથા વિલંબ/ વિસંગતતા હોય તો તેની સ્પષ્ટતાસહ પહોંચતી કરવા પત્ર નં.આરટીઆઈ સેલ/૧૪૩૧ તા.૧૦–૩–૧૦ થી ડે.કમિશ્નર(સ્પે) અને જાહેર માહિતી અધિકારી (રીક્રૂટમેન્ટ) તથા અરજદારને અપીલ અરજીમાં મુળ અરજીથી માંગેલ માહિતી પેટે જાહેર માહિતી અધિકારી ધ્વારા જાહેરાતની નકલ લાયકાત પગાર ધોરણની પસંદગીના પ્રક્રિયાના આદેશ તથા પ્રતિક્ષાયાદીની તમામ વિગતો માંગ્યા મુજબ મળ્યા બાદ કઈ માહિતી મળેલ નથી અને નારાજગી છે તે સંક્ષિપ્તમાં આધારસહ સ્પષ્ટ કરવા જણાવતો પત્ર પાઠવવામાં આવેલ. જેના અનુસંધાને જાહેર માહિતી અધિકારી તરફથી જીએડી/ઈએસટી/આર/૧૦૮૧ તા.૧૬–૩–૧૦ થી અત્રેના વિભાગને પૂરક માહિતી મળેલ છે. જેમાં નોંધ વિભાગ સેન્ટ્રલઝોન તરફથી પર્સોનલ ઓફિસર (આર)ને તબદીલ થયેલ પત્ર નં.સે.ઝોન/આરટીઆઈ/જાવક /૧૪૯૯ તા.૨૯–૧–૧૦ ના પત્રની નકલ,અરજદારની તા.૨૭–૧–૧૦ ની મુળ અરજીની નકલ, અરજદારને માહિતી માટે ફી ભરવા પાઠવેલ પત્ર નં.જીએડી/ઈએસટી/આર/૯૮૩ તા.૯–૨–૧૦ ના પત્રની નકલ, અરજદારને આપેલ માહિતી અંગેના પત્ર નં.જીએડી/ઈએસટી/આર/૧૦૧૫ તા.૨૦–૨–૧૦ ના પત્રની નકલ, પીઆરઓ/૫૯૭ તા.૧૯–૩–૦૭ ની જાહેરાતની નકલ, પીઆરઓ નં.૩૫૭/૦૯–૧૦ તા.૨૧–૧૧–૦૯ ની જાહેરાતની નકલ, તા.૬–૨–૧૦ ના રોજ સ્ટાફ સીલેકશન સમિતિએ જાહેર કરેલ ૧૦૨ ડ્રાઈવર ની યાદીની નકલ તથા ૧૦૨ ડ્રાઈવરના પત્રક–૧ ની નકલ, નં.જીએડી/ઈએસટી/આર/૨૮૫ તા.૭–૭–૦૯ થી અરજદારને પાઠવેલ પત્રની નકલ, નં.જીએડી/ઈએસટી/આર/૪૮૭ તા.૧–૯–૦૯ થી અરજદારને પાઠવેલ પત્રની નકલ, નં.જીએડી/ઈએસટી/આર/૫૦૪ તા.૫–૯–૦૯, નં.જીએડી/ઈએસટી/આર/૫૩૬ તા.૧૫–૯–૦૯ ના પત્રની નકલ અત્રેના વિભાગને પૂરક વિગતોમાં મળેલ છે. જયારે અરજદાર તરફથી અપીલ તબકકે પત્ર પાઠવી તક આપવા છતાં પણ કઈ માહિતી મળેલ નથી તે બાબતે કોઈ વિગતો પૂરી પાડેલ નથી.

અરજદારની તા.૨૭–૧–૧૦ ની અરજીથી મુદા નં.૧થી ૧૦ ની માહિતી માંગવામાં આવેલ. જે પર્સોનલ ઓફિસર આર અને મ. જાહેર માહિતી અધિકારી તરફથી પત્ર નં.જીએડી/ઈએસટી/ આર/ ૯૮૩ તા.૯–૨–૧૦ થી અરજદારને માહિતી બાબતે પાના નંગ–૧૩ પાના દીઠ રૂા.૨/– લેખે રૂા.૨૬/– ભરપાઈ કરી માહિતી મેળવવા જણાવેલ. જે બાબતે અરજદારે તા.૧૬–૨–૧૦ ના રોજ નાણા જમાં કરાવેલ અને અરજદારનેપત્ર નં.જીએડી/ઈએસટી/ આર/૧૦૧૫ તા.૨૦–૨–૧૦ થી અરજદારને સદર માહિતી પૂરી પાડવામાં આવેલ છે. જે બાબતે અરજદારે તા.૨–૩–૧૦ ના રોજ અપીલ અરજી કરી આપવામાં આવેલી માહિતી અસ્પષ્ટ અયોગ્ય ખોટી અને જુઠ્ઠી આપવામાં આપી હોવાનું જણાવી અપીલ અરજી કરેલ છે. જેમાં મુદ્દા નં.૧. ૯૩ ડ્રાઈવરોની ખાલી જગ્યાની જાહેરાત નં.પીઆરઓ/૫૯૭ તા.૯–૩–૦૭ ની જાહેરાતમાં માંગેલ ડ્રાઈવરોના અનુભવના પ્રમાણપત્ર અંગેની સંપૂર્ણ માહિતીની નકલ. તેવા પ્રશ્ન બાબતે જાહેર માહિતી અધિકારી તરફથી જાહેરાતમાં અનુભવ માં ગવામાં આવેલ નથી અને સાથે જાહેરાતની નકલ પૂરી પાડવામાં આવેલ છે.જેમાં અરજદારે અપીલમાં ડ્રાઈવરોનો અનુભવ માંગવામાં આવેલ નથી તથા જાહેરાતની નકલ ખોટી હોવાનો દાવો કરેલ છે જે હાથ ધરાયેલ કાર્યવાહીને પડકારવાને લગતી બાબત છે માહિતી અં ગે તકરાર નથી. મુદ્દા નં.૨. સદર જાહેરાતમાં ડ્રાઈવરોના અનુભવના પ્રમાણપત્રોની કોના આદેશાનુસાર કઈ સામાન્ય , સ્થા. સ. ના ઠરાવ અનુસારની માંગણી કરવા અંગેની માહિતીની નકલ. તેવા પ્રશ્ન બાબતે જાહેર માહિતી અધિકારી તરફથી સદર માહિતીનીનો મુદ્દા નં.૧ ના પ્રત્યુત્તરમાં સમાવેશ થઈ જાય છે. વધુમાં ભારત સરકારશ્રીના તા.૧–૬–૦૯ નોર્થ બ્લોક, નવી દિલ્લીના પત્ર ક્રમાંક તા.૧–૭–૦૯ /આઈઆર વંચાણે લેવા વિનંતી તેવી માહિતી પૂરી પાડેલ છે.તેમાં અરજદારે અપીલમાં મુદ્દા નં. ૧ નો જવાબ ખોટો છે તેથી મુદ્દા નં.૨ નો જવાબ પણ ખોટો છે. તેવું જણાવેલ છે. મુદ્દા નં.૩ ૯૩ ડ્રાઈવરોની ખાલી જગ્યાની પ્રતિક્ષાયાદી કઈ લાયકાતને યોગ્ય ગણીને તૈયાર કરેલ હોય તે અંગેની માહિતીની નકલ. તેવા પ્રશ્ન બાબતે જાહેર માહિતી અધિકારી તરફથી નકલ પૂરી પાડવામાં આવેલ છે. જે બાબતે અરજદારે અપીલમાં ખુલાસો માંગેલ તેની જગ્યાએ બેઠી નકલ પૂરી પાડેલ છે. તેવું જણાવેલ છે. મુદ્દા નં.૪ તા.૨૧–૧૧–૦૯ ની બેલદાર અને સફાઈ કામદારોની ખાલી જગ્યાની જાહેરાત નં.પીઆરઓ/૩૫૭ માં અનુભવ કોના આદેશાનુસાર કે કઈ સામાન્ય સ. ના ઠરાવ અનુસાર માંગવામાં આવેલ. જે અંગેની માહિતીની નકલ. તેવા પ્રશ્ન બાબતે જાહેર માહિતી અધિકારી તરફથી સુરત મહાનગરપાલિકાની સા.સ.ઠ. નં.૩૧૪ તા.૩–૮–૦૯ થી ઠરાવવામાં આવેલ લાયકાત મુજબ જાહેરાત આપવામાં આવેલ છે તેવી માહિતી પૂરી પાડેલ છે. જેમાં અરજદારે અપીલમાં ઠરાવ નં.૩૧૪ તા.૩–૮–૦૯ ની નકલની માંગણી કરેલ છે. જે અરજદારે મુળ અરજીથી માંગેલ માહિતીમાં જણાવેલ નથી. અપીલ તબકકે અલાયદી રજૂઆત છે. મુદ્દા નંપ. બેલદાર અને સફાઈ કામદારોની ખાલી જગ્યામાં પસંદ થયેલ ઉમેદવારોને ત્રણ વર્ષની પ્રેકટીકલ અને થીયરીકલ તાલીમ આપવાના હોવા છતાં અનુભવ માંગવા અંગેની માહિતીની નકલ. તેવા પ્રશ્ન બાબતે જાહેર માહિતી અધિકારી તરફથી જાહેરાત સ્વયં સ્પષ્ટ છે તે ધ્યાને લેવા

વિનંતી તથા તે અંગે જાહેરાતની નકલ પૂરી પાડવામાં આવેલ છે. જેમાં અરજદાર સ્વયં સ્પષ્ટ નથી. મુદ્દા નં.૬ ૯૩ ડ્રાઈવરોની ખાલી જગ્યાના ઉમેદવારોના ઈન્ટરવ્યુમાં ૫ વર્ષથી ૧૨ વર્ષ સુધીના હેવી વ્હીકલ ડ્રાઈવીંગના અનુભવી ડ્રાઈવરો હોવા છતાં તેમની સદંતર અવગણના કરવા અંગેની માહિતીની નકલ. તેવા પ્રશ્ન બાબતે જાહેર માહિતી અધિકારી તરફથી સદર માહિતી રેકર્ડ આધારીત નીલ છે તેવું જણાવવામાં આવેલ છે. જેમાં અરજદારે અપીલમાં માહિતી નીલનો ખુલાસો જણાતી નથી તેવું જણાવેલ છે. મુદ્દા નં.૭ તા.૧૯–૩–૦૭ ની ખાલી જગ્યાના ડ્રાઈવરોની જાહેરાત પીઆરઓ/૫૯૭ માં ડ્રાઈવરોની પ્રતિક્ષાયાદીની પસંદગી કઈ લાયકાતને યોગ્ય ગણીને તૈયાર કરેલ? તે લાયકાતની યોગ્યતા અંગેની સ્પષ્ટ માહિતીની નકલ. તેવા પ્રશ્ન બાબતે જાહેર માહિતી અધિકારી તરફથી જણાવેલ છે કે મુદ્દા નં.૩ માં માહિતીનો સમાવેશ થઈ જાય છે. જે અંગે અરજદારે અપીલમાં જણાવેલ છે. મુદ્દા નં.૩ ની માહિતી ખોટી હોય મુદ્દા નં.૭ ની માહિતી પણ ખોટી છે. પરંતુ મુદ્દા નં.૩ ની માહિતીની દફતરી નકલ જાહેરાતની જાહેર માહિતી અધિકારીએ પૂરી પાડેલ છે જ તેથી તે ખોટી હોવાનો અરજદારનો દાવો બેબુનિયાદ છે. મુદ્દા નં.૮ તા.૧૯–૩–૦૭ ની ખાલી જગ્યાના ડ્રાઈવરોની પ્રતિક્ષાયાદીના ૧૦૨ ડ્રાઈવરોની કેટલા વર્ષ થીયરીકલ અને પ્રેકટીકલ તાલીમ આપશો? તે અંગેના વર્ષની ચોકકસ માહિતીની નકલ. તેવા પ્રશ્ન બાબતે જાહેર માહિતી અધિકારી તરફથી જેમાં જાહેરાતમાં સ્વયં સ્પષ્ટ છે ધ્યાને લેવા વિનંતી. તથા જાહેરાતની નકલ અરજદારને પૂરી પાડવામાં આવેલ છે. જેમાં અરજદારે અપીલ તબકકે અનુભવ વગરના ડ્રાઈવરોને પ્રેકટીકલ અને થીયરીકલ તાલીમ આપવી પડશે? તેવું વિધાન વાકય કરેલ છે. મુદ્દા નં.૯ તા.૧૯–૩–૦૭ ની ખાલી જગ્યાના ડ્રાઈવરોની પસંદગી ૩ વર્ષ , ૫ વર્ષ, ૧૦ વર્ષ કે ૧૨ વર્ષ હેવી વ્હીકલ લાયસન્સ વાળા ડ્રાઈવરો પૈકી કેટલા વર્ષ હેવી વ્હીકલ લાયસન્સવાળા ડ્રાઈવરોને પસંદ કરવામાં આવેલ હોય જેના વર્ષ સહિતની સ્પષ્ટ માહિતીની નકલ (૧૦૨ ડ્રાઈવરોની પ્રતિક્ષાયાદી મહેરબાની કરીને મોકલવી નહી) ૧ વર્ષ ૨ વર્ષના હેવી વ્હીકલ લાયસન્સવાળા ડ્રાઈવરો પસંદ કર્યા હોય તો ફકત એક જ વાકયમાં શબ્દ વર્ષની ગણતરી સ્પષ્ટ જણાવવી (ઈરાદા પૂર્વકના ગેરમાર્ગે દોરતો જવાબ માન્ય રહેશે નહી) તેવા પ્રશ્ન બાબતે જાહેર માહિતી અધિકારી તરફથી તા.૧૭–૬–૦૯ ની અરજી નં.આઈ ડી. ૨૮૪ ના પ્રત્યુત્તર નં.જીએડી/ઈએસટી/આર/૨૮૫ તા.૭–૭–૦૯ થી અપીલ ૧૧ ૦ ના હુકમ અન્વયેનં.જીએડી/ઈએસટી/આર/૪૮૭ તા.૧–૯–૦૯થી તથા તા.૨૧–૭–૦૯ ની અરજી આઈ ડી નં.૪૨૪ ના પ્રત્યુત્તર નં.જીએડી/ઈએસટી/આર/૪૨૭ તા.૧૧–૮–૦૯ થી તથા તા.૨૦–૮–૦૯ ની અરજી આઈ ડી નં.૫૬૩ ના પ્રત્યુત્તરમાં માહિતીના નાણા જમા કરાવેલ ન હોવાથી અરજી દફતરે કરવામાં આવી. નં.જીએડી/ઈએસટી/આર/૫૭૦ તા.૨૯–૯–૦૯ તેમજ તા.૯–૯–૦૯ ની અરજી આઈ ડી નં.૬૭૧ ના પ્રત્યુત્તરમાં માહિતીના નાણા જમા કરાવેલ ન હોવાથી આપની અરજી દફતરે કરવામાં આવી નં.જીએડી/ઈએસટી/આર/૬૩૩ તા.૧૨–૧૦–૦૯ તથા તા.૩–૧૧–૦૯ ની અરજી આઈ ડી નં.૮૬૫ ના પ્રત્યુત્તર નં.જીએડી/ઈએસટી/આર/૭૮૮ તા.૨–૧૨–૦૯ થી માહિતી આપવામાં આવેલ છે. તેમ છતાં પુનઃ જાણ કરતી નકલ મોકલી આપેલ છે. તેવી માહિતી જાહેર માહિતી અધિકારી તરફથી આપવામાં આવેલ છે. જેમાં અપીલમાં અરજદારે માહિતી બોગસ ખોટા પાના નં.૪૭૯ ના રૂ.૨/– લેખે ૯૫૮ જમા કરવા માટે ઈરાદાપૂર્વક જાણી જોઈને પત્ર આપેલ છે .જેથી અમોએ ફી ભરેલ નથી તેવું જણાવેલ છે. મુદ્દા નં.૧૦ તા.૧૯–૩–૦૭ ની ખાલી જગ્યાના ડ્રાઈવરોની ૧૦૨ પ્રતિક્ષાયાદીમાં સી.ટ્રા.સા.શૈ. બિન અનામત જગ્યાઓ અંગેની ટકાવારીની પ્રતિક્ષાયાદીના ડ્રાઈવરોના નામની સામે જાતિની સ્પષ્ટ વિગત સાથેની માહિતીની નકલ. તેવા પ્રશ્ન બાબતે જાહેર માહિતી અધિકારી તરફથી જાહેરાતમાં અનામત જગ્યાની ટકાવારીને આધારે જરૂરી સંખ્યા દર્શાવેલ છે જેની જાહેરાતની નકલ આપવામાં આવેલ છે પ્રતિક્ષાયાદીમાં અનામત જાતિનો ઉલ્લેખ કરવામાં આવેલ છે. તે સ્વયં સ્પષ્ટ છે. પ્રતિક્ષાયાદીની નકલ અરજદારને પૂરી પાડવામાં આવેલ છે. જેમાં અરજદારે અપીલમાં અનામત અને બિન અનામત ટકાવારીના ફેરફારને અવકાશ છે? તે અંગે સ્પષ્ટતા કરી નથી તેવું જણાવેલ છે.

સમગ્ર હકીકત જોતાં મુદ્દા નં.૪ અંગે અરજદારે અપીલ તબકકે અલાયદી માંગણી કરેલ છે જે મુળ અરજીમાં ન હોય આ તબકકે અપીલનું કારણ બનતું નથી. જયારે મુદ્દા નં.૩,૬,૭ અને ૧૦ ખુલાસા અને સ્પષ્ટતા બાબતના હોઈ આરટીઆઈ એકટની કલમ–૨(એફ) અને ૨(જે) હેઠળ માહિતી અને માહિતી અધિકાર અન્વયે જાહેર સત્તા મંડળ પાસેની અથવા નિયંત્રણ હેઠળની દફતરી ઉપલબ્ધ માહિતી પૂરી પાડવાની જોગવાઈ છે. જેથી અરજદારની અપીલ તબકકે ખુલાસા અને સ્પષ્ટતાનો આગ્રહ આરટીઆઈના કાયદા સાથે સુસંગત નથી.

**હુકમ**

અરજદારની મુળ અરજી,અપીલ અરજી તેમજ ઉપલબ્ધ હકીકત ધ્યાને લેતાં નીચે મુજબનો હુકમ કરી અપીલનો નિકાલ કરવામાં આવે છે.

અરજદારે તા.૨૭–૧–૧૦ ની અરજીથી માંગેલ માહિતી જાહેર માહિતી અધિકારી ધ્વારા પૂરી પડાયેલ હોઈ અરજદારની અપીલ દફતરે કરવામાં આવે છે.

નં.આરટીઆઈસેલ/
તારીખ : –૩ –૧૦

ડે.કમિશ્નર(જનરલ),
અને એપેલેટ ઓફિસર
સુરત મહાનગર પાલિકા

પ્રતિ,
(૧) ડે.કમિશ્નર(સ્પે.)અને જાહેર માહિતી અધિકારી (રીક્રુટમેન્ટ), ...જાણ તથા અમલ માટે
(૨) શ્રી નરેશભાઈ નાનજીભાઈ બથવાર,